સ્થાપના : ૮ ઓક્ટોબર, ૧૮૯૯.
રજી. નં. એ-૬૩૨, મુંબઇ.
ફોન : ૦૨૨-૩૫૪૧ ૮૬૮૧
મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮
Email : jaianavilpub@yahoo.com
Website : www.anavilsamaj.org

**૧૦ એપ્રીલ - ૨૦૨૪**
તંત્રી : મધુસૂદન દેસાઇ
મો. : ૯૮૨૧૧૨૮૬૯૧૪
માત્ર સભ્યો માટે
વર્ષ : ૨૨ - અંક - ૪

# જય અનાવિલ

## શ્રી અનાવિલ સમાજ, મુંબઈ.

(કાર્યાલય સમય : મંગળ થી શનિ સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦, રવિ ૧૧.૦૦ થી ૨.૦૦)
(સોમવારે કાર્યાલય બંધ રહેશે)

RNI No. MAH-GUJ/2003/9893 • Post Regn. No. MCN/116/2022-2024
Posted at : Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001.

કિંમત રૂા. ૪/- Published & Posted on 10th Day of every month કુલ પાનાં - ૨૦

સભ્ય ફી : ❖ આશ્રયદાતા સભ્ય રૂા. ૨૧૦૦૦/- ❖ આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-
❖ વાર્ષિક સામાન્ય સભ્ય રૂા. ૫૦/-




tripoly
થઇ જાઓ તૈયાર અવે
યુરોપ વેકેશન
₹ ૧,૯૯,૯૯૯ /- થી શરૂ થાય છે
યુરોપિયન બ્લીસ
મેજીકલ યુરોપ
યુરોપિયન ડેલાઇટ્સ
સ્પાર્કલિંગ યુરોપ
ગ્રાન્ડ યુરોપ
યુરોપના અજાયબીઓ
યુરોપિયન ધમાકા
યુરોપિયન ફ્યુઝન
રંગીલો યુરોપ
અદભુત યુરોપ
યુરોસ્કેપ લેડીઝ સ્પેશિયલ

# સાભાર - સ્વીકાર

## જય અનાવિલ ફંડ

૨૧.૩ ઇશાન બી. દેસાઇ ૧,૦૦૦/-

– મધુસૂદન દેસાઈ ૧,૦૦૦/-
(જય દેસાઈ) માર્ચ ૨૦૨૪

## વિધવા સહાય ફંડ

૧.૩ અરૂણ ઠાકોરભાઈ દેસાઈ-બોરીવલી (વે) ૫૧,૦૦૦/-
(ધર્મપત્ની મીનાબેન એ. દેસાઈની સ્મૃતીમાં)

## મેડીકલ ફંડ

૨૨.૩ ભરતભાઈ એચ.મલીયા અને ૨૦,૦૦૦/-
તરૂલત્તાબેન બી. મલીયા - વર્સોવા
(પુત્ર સ્વ. જયેશભાઈ બી. મલીયાના
૨૦મી પુણ્યતિથી નીમીત્તે)

## માર્ચ - ૨૦૨૪ ના લાભાર્થી

તબીબી સહાય આપી ૩૦,૫૦૦/-

કુલ ૩૦,૫૦૦/-

લી. દિલિપભાઈ આર. દેસાઈ (ખજાનચી)



શ્રી અનાવિલ સમાજ, મુંબઈ ને દાન માટે બેંક ઓફ ઇન્ડિયા નાં બાજુમાં દર્શાવેલ ફોટોને સ્કેન કરો.

A/c. No.
BOI 009010100005414

## મહાદેવભાઈ (વલસાડ,અબ્રામા) ને હાર્દિક અભિનંદન



ઈચ્છા બા કુટુંબ, આખો અનાવિલ સમાજ ગર્વ અનુભવે છે કારણ કે શ્રી મહાદેવભાઈ પરાગજી દેસાઈ નિયુકત થઈને પ્રમુખ તરીકે ની અનાવિલ સેવા સંસ્થાપન ટ્રસ્ટ ઈચ્છા બા વાડી, વલસાડ નો ચાર્જ સંભાળી લીધો છે. અમારા મહાદેવભાઈ ને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ. મહાદેવભાઈ પ્રમુખના હોદ્દા હેઠળ ઈચ્છા બા વાડી નું નામ રોશન કરે અને લોક કલ્યાણના કામો કરે એજ શુભ કામના.



## દેવેન્દ્રભાઈ યશવંતરાય દેસાઈ નવસારી / ખરસાડ ૬૩ વર્ષની ઉંમરે રક્તદાતા

દુનિયામાં કરવા જેવા કામ તો ઘણાં છે, પણ હું શું કરી શકું તેમ છું અને શું કરી શકું તેમ નથી એની ખબર જેને પડે એ જ વ્યક્તિ જીવનનો ગોલ નક્કી કરી શકે છે. દરેક માણસ પાસે શક્તિ તો હોય જ છે, અભાવ માત્ર સંકલ્પનો જ હોય છે. જે લોકો વિચારતા હોય ચે કે ચમત્કાર થશે અને સફળતા મળશે તો એ લોકો ભીંત ભૂલે છે. વાસ્તવમાં આપણો મનુષ્ય અવતાર જ સૌથી મોટો ચમત્કાર છે.

– લેખક પ્રફુલ્લ કાનાબાર

# અવસાન

| ગામ | નામ | તારીખ |
|---|---|---|
| સુરત | સ્વ. કિરીટભાઈ દેસાઈ | ૧૧.૦૩.૨૪ |
| નવસારી (હાંસોપાર) | સ્વ. સુધાબેન દોલતરાય દેસાઈ | ૧૨.૦૩.૨૪ |
| સુરત | સ્વ. માલતીબેન કીશોરચંદ્ર દેસાઈ | ૧૧.૦૩.૨૪ |
| સુરત | સ્વ. ઇન્દુમતીબેન નાનુભાઈ દેસાઈ | ૧૧.૦૩.૨૪ |
| (સદ્‌ગત શ્રી અનાવીલ સમાજ, મુંબઈના ખજાનચી દિલીપભાઈના મોટાબેન) | | |
| સુરત | સ્વ. ભીખુભાઈ નાથુભાઈ નાયક | ૧૧.૦૩.૨૪ |
| ડુંગરી,વલસાડ | સ્વ. હેત અસીત દેસાઈ | ૦૯.૦૩.૨૪ |
| સુરત | સ્વ. કૈલાસબેન બચુભાઈ દેસાઈ | ૧૫.૦૩.૨૪ |
| ધનોરી-ગણદેવી | સ્વ. શોભનાબેન બાબુભાઈ નાયક | ૧૮.૦૩.૨૪ |
| થલતેજ | સ્વ. જ્યોત્સનાબેન રશ્મીકાંત દેસાઈ | ૧૮.૦૩.૨૪ |
| સામરાવાડી | | |
| (યુ.એસ.ઝાંબીયા) | સ્વ. ધીરૂભાઈ છગનલાલ મહેતા | ૧૭.૦૩.૨૪ |
| અંધેરી,ભદેલી | સ્વ. દિલીપભાઈ ડાહ્યાભાઈ દેસાઈ | ૨૧.૦૩.૨૪ |
| નવસારી (ખરસાડ) | | |
| બોરીવલી | સ્વ.રજનીકાંત (રાજુભાઈ) ઇશ્વરલાલ દેસાઈ | ૨૩.૦૩.૨૪ |
| બોણંદ-સુરત | સ્વ. હીના સમીરભાઈ દેસાઈ | ૨૪.૦૩.૨૪ |
| વલસાડ | સ્વ. સુનીલ ઉમેશભાઈ દેસાઈ | ૨૬.૦૩.૨૪ |
| ડુંગરી,બોરીવલી | સ્વ.અ.સૌ.શ્રીમતી ચંપાબેન નટવરલાલ દેસાઈ | ૨૫.૦૩.૨૪ |
| અમલસાડ | સ્વ. ઇન્દુબેન ધીરૂભાઈ નાયક | ૨૭.૦૩.૨૪ |
| ચીખલી,બીલીમોરા | સ્વ. સુધીરભાઈ નટવરલાલ દેસાઈ | ૨૭.૦૩.૨૪ |
| દેલાડવા | સ્વ. જસુમતીબેન વસંતરાય દેસાઈ | ૩૧.૦૩.૨૪ |
| બીલીમોરા | સ્વ. કૈલાસબેન દિનકરરાય દેસાઈ | ૨૮.૦૩.૨૪ |
| (સદ્‌ગત શ્રી અનાવિલ સમાજ,મુંબઈનાં કારોબારી સભ્ય ગીતાબેન નાં મામી) | | |
| દેવડવાકર,ચીખલી | સ્વ. રિતેશભાઈ દિનેશભાઈ દેસાઈ | ૨૩.૦૩.૨૪ |

# સેવાયજ્ઞથી નવસારીના ધારાસભ્યએ પોતાના જન્મદિનની ઉજવણી કરી

મેડિકલ કેમ્પમાં ૩૭૫, આઇકેમ્પમાં ૪૫૦ લોકોએ લાભ લીધો, ૫૦૩ યુનિટ રક્ત પણ એકત્ર થયું.



નવસારીમાં ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈએ પોતાના જન્મદિવસને જાહોજલાલી કરીને નહિ પરંતુ સેવા કાર્ય તરીકે ઉજવીને એક ઉદાહરણ સ્થાપિત કર્યું. લોકો એક તરફ જ્યાં પોતાના જન્મદિને હોટલ, રેસ્ટોરન્ટ, ફાર્મહાઉસ કે અન્ય જગ્યાએ ઉજવણી કરતા નજરે પડે છે ત્યાં બીજી તરફ રાકેશભાઈએ આવી ઉજવણીથી દુર રહી લોકોને ઉપયોગી થઇને સાચા અર્થમાં સેવાના ભાવને ચરિતાર્થ કર્યો છે.

ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈના સેવાયજ્ઞમાં રક્તદાન, મેડિકલ કેમ્પ તથા નેત્રયજ્ઞ જેવી લોકપયોગી કાર્ય કરવામાં આવ્યા હતા. જેમાં સવારથી જ લોકોની ભારે ભીડ જોવા મળી હતી. નેત્રયજ્ઞની વાત કરીએ તો રોટરી આઇ ઇન્ટિસ્ટટ્યૂટ સાથે કરાયેલ વિનામૂલ્યે આઈ કેમ્પમાં કુલ ૪૫૦ દર્દીઓએ લાભ લીધો હતો. જેમાં ૨૨૩ લોકોને વિનામૂલ્યે ચશ્મા આપવામાં આવ્યા હતા. જ્યારે ૧૨૪ લોકોને મોતિયાના ઓપરેશન તથા અન્ય તપાસ માટે રીફર કરાયા હતા. તો નિરાલી હોસ્પિટલ સાથેના મેડિકલ કેમ્પનો ૩૭૫ લોકોએ લાભ લીધો હતો. આ મેડીકલ કેમ્પમાં હૃદય રોગ સંબંધિત બાબતો, ડાયાબીટીસ, સ્ત્રી રોગ, સામાન્ય શસ્ત્રક્રિયા, હાડકા તથા સાંધાના રોગો, કેન્સર સ્કિનિંગ, કાન, નાક અને

ગળાના રોગો તેમજ બાળ રોગ જેવી બાબતોની તપાસ કરવામાં આવી હતી. તો રક્તદાન શિબિરમાં ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, નવસારીના સહયોગથી વન બ્લડ અનાવિલ તથા અન્ય સામાજિક સંસ્થાઓ થકી કુલ ૫૦૩ યુનિટ રક્ત એકત્ર કરાયું હતું. આ કેમ્પમાં ઘણા લોકોએ પહેલીવાર રક્તદાન કરી અન્ય લોકો માટે એક દૃષ્ટાંત પૂરું પાડ્યું હતું.



## શ્રધ્ધાંજલિ



સ્વ. કૈલાશબેન દિનકરરાય દેસાઈ
(લીલાપોર, હાલ બીલીમોરા)

**દુ:ખદ અવસાન તા. ૨૮.૦૩.૨૪**

શ્રી અનાવિલ સમાજ મુંબઈના માજી મેનેજર સ્વ. દિનકરરાય દયાળજી દેસાઈનાં ધર્મપત્ની.
સ્વ. કૈલાશબેન દિનકરરાય દેસાઈને ભાવભરી હાર્દિક શ્રધ્ધાંજલિ.

| પુત્રીઓ : | દોહિત્રો : |
|---|---|
| અનિતાબેન મુકેશભાઈ દેસાઈ | હર્ષ, નિધિ, ધ્વનિ, |
| મીતાબેન બકુલભાઈ દેસાઈ | સાગર , શુભમ્, |
| નેહાબેન આનંદભાઈ મણિયાર | અંકિતા (દોહિત્ર-વહુ) |

નિવાસ સ્થાન : ૨૦૪, આદિત્ય એપાર્ટમેન્ટ, કદંબ રેસીડન્સીની સામે, માંડલિયા હોસ્પીટલની પાછળ, બીલીમોરા – ૩૯૬૩૨૧

# મુંબઈપોર્ટ ઓથોરિટી અને ભારતના બંદરગાહનાં પ્રથમ મહિલા લેબર રિપ્રેઝન્ટેટિવ છે એક ગુજરાતી



૯૬ ટકા પુરુષોનું આધિપત્ય ધરાવતા ક્ષેત્રમાં ૧૫૦ વર્ષના ઇતિહાસમાં પહેલીવાર મહિલા લેબર રિપ્રેઝન્ટેટિવ તરીકે ચૂંટાયેલાં કલ્પના દેસાઇ પર ગુજરાતીઓએ જ નહીં, દરેક દરેક મહિલાએ ગર્વ લેવો જોઇએ.

આજે મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ છે અને હવે લગભગ એવું કોઇ ક્ષેત્ર બાકી રહ્યું નથી જેમાં મહિલાઓનો પગપેસારો નહીં હોય. જોકે આ તો હમણાંની વાત થઇ, પણ આજથી લગભગ ૪૦-૫૦ વર્ષ પહેલાં જ્યારે મહિલાઓ મર્યાદિત ક્ષેત્રમાં જ પગ મુકતી અને એમાં પણ મરીન જેવા ક્ષેત્રમાં જ્યો કોઇ ગુજરાતી જવાનું વિચારતા નહીં ત્યારે એક ગુજરાતી મહિલા એમાં પ્રવેશી એટલું જ નહીં, આ ક્ષેત્રે એક પછી એક અનેક સફળતા હાંસલ કરી અને ઉચ્ચ હોદ્દા પર ચૂંટાઇ આવી. તદુપરાંત મરીન ગ્લોબલ મીટમાં ૬૬ દેશના પ્રતિનિધિઓ સાથે સહભાગી થવાનો મોકો પણ મળ્યો.

**કેવી રીતે જોડાયા ?**

બોરીવલીમાં રહેતાં અને છેલ્લાં ૪૦ કરતાં પણ વધુ વર્ષથી મુંબઈ પોર્ટની સામે સંકળાયેલા અનાવિલ બ્રાહ્મણ કલ્પના દેસાઇ કહે છે, લોકોને દરિયા સાથે પ્રેમ છે, એમાં ડૂબકી મારવી ગમે છે, પ્રવાસ ખેડવો ગમે છે ; પણ એને પ્રોફેશન તરીકે અપનાવવા જલદીથી તૈયાર થતા નહીં.

**સંકલન - મધુસુદન દેસાઈ**

# ઉનાળામાં સ્વાસ્થ્યની રક્ષા માટે કુદરતી ગરમ પદાર્થોનો નિષેધ કરવો અને કુદરતી ઠંડા પદાર્થોનું સેવન કરવું

તો ઓળખી લો :-

કલિંગર - ઠંડું
સફરજન - ઠંડું
ચીકુ - ઠંડું
લિંબુ - ઠંડું
કાંદા - ઠંડા
કાકડી - ઠંડી
પાલક - ઠંડી
કાચા ટમેટાં - ઠંડા
ગાજર - ઠંડા
મૂળા - ઠંડા
કોબીજ - ઠંડી
કોથમીર - ઠંડી
ફુદીનો - ઠંડો
ભીંડો - ઠંડો
સરગવો બાફેલો - ઠંડો
બીટ - ઠંડુ
એલચી - ઠંડી
વરિયાળી - ઠંડી
આદુ - ઠંડું
દાડમ - ઠંડું
શેરડી રસ - ઠંડો (વિના બરફ)
સંતરા - ગરમ
કેરી ખાકટી - ગરમ

બટાકા - ગરમ
કારેલા - ગરમ
મરચું - ગરમ
મકાઇ - ગરમ
મેથી - ગરમ
રિંગણા - ગરમ
ગુવાર - ગરમ
પપૈયુ - ગરમ
અનાનસ - ગરમ
મધ - ગરમ
લીલું નારિયેળ - ઠંડું
પાકી કેરી (દુધ સાથે) - ઠંડી
પંચામૃત - ઠંડું
મીઠું - ઠંડું
મગનીદાળ - ઠંડી
તુવેરદાળ - ગરમ
ચણાદાળ - ગરમ
ગોળ - ગરમ
તલ - ગરમ
બાજરી - ગરમ
નાચણી - ગરમ
હળદર - ગરમ
ચહા - ગરમ
કોફી - ઠંડી
જુવાર - ઠંડી
પનીર - ગરમ

સૉફ્ટડ્રીંક - ગરમ
કાજુ બદામ - ગરમ
અખરોટ ખજૂર – ગરમ
શીંગદાણા - ગરમ
આઇસક્રીમ - ગરમ
શિખંડ - ગરમ
ફ્રીજનું પાણી - ગરમ
માટલાનું પાણી - ઠંડું
ભાંગ - ઠંડી
તુલસી - ઠંડી
નીરો - ઠંડો(ઊત્તમ)
તુલસીનાં બીજ – ઠંડા(ઊત્તમ)
તકમરિયા - ઠંડા (ઊત્તમ)
એરંડા તેલ - અતિ ઠંડું
દહીંછાશ - ઠંડા
ઘી દુધ - ઠંડા
પાઉં બિસ્કૂટ –ગરમ

**<u>નૈસર્ગિક રીતે ઠંડા પદાર્થ ઉનાળામાં આરોગવાથી ગરમીથી થનાર ત્રાસથી શરીરનો બચાવ થાય છે</u>**

કાકડી–તબિયત કરે ફાંકડી
બીટ – શરીરને રાખે ફિટ
ગાજર – તંદુરસ્તી હાજર
મગ – સારા ચાલે પગ
મેગી – ખરાબ કરે લેંગી
ઘઉં – વજન વધારે બહુ
ભાત – બુદ્ધિને આપે સાથ

સૂકા મરચા – કરાવે વધારે ખર્ચા
દહીં – જ્યાદા ઘુમાકે ખાઓ તો સહી
ખજૂર – શક્તિ હાજરાહજૂર
દાડમ – કરે મડદાંને બેઠું તેવી શક્તિ
જાંબુ – જીવન કરે નિરોગીને લાબું
જામફળ – એટલે મજાનું ફળ
નારીયેળ – એટલે ધરતીમાતાનું ધાવણ
દૂધી – કરે લોહીની શુદ્ધિ
કારેલા – ના ઉતરવાદે ડાયાબિટીસના
તલ ને દેશી ગોળ – આરોગ્યને મળે
કાચું – એટલું સાચુને રંધાયેલું એટલું
લાલ ટમેટા – જેવા થવું હોય તો લાલ
આદુ – નો જાદુ
ડબલફિલ્ટર તેલ – કરાવે બીમારીના
મધ – દુ:ખોનો કરે વધ
ગુટખા – બીમારીના ઝટકા
શરાબ – જીવન કરે ખરાબ
ઈંડુ – તબિયતનું મીંડું
દેશી ગોળ ને ચણા – શક્તિ વધારે
બપોરે ખાધા પછી છાસ – પછી થાય
હરડે – બધા રોગને મરડે
ત્રિફળી ફાકી – રોગ જાય થાકી
સંચળ – શરીર રાખે ચંચળ
મકાઈના રોટલા – શક્તિના પોટલા
ભજીયા – કરે પેટના કજિયા
રોજ ખાય પકોડી – હાલત થાય કફો
પાઉને પીઝા – બીમારીના વિઝા
દેશી ગોળનો શીરો – આરોગ્યનો હી

**સંકલન – મધુસુદન દેસાઈ**

# ટૂંકી વાર્તા – દાદાજી નો પ્રેમ

અચાનક.....મેં કાર ને બ્રેક મારી...

મારા થી બુમ પડાઈ ગઈ....ઓ ...દાદા રસ્તા વચ્ચે..

મરવા નીકળ્યા છો..?   આવી રીતે રોડ ક્રોસ થાય ?

અચાનક બ્રેક ના મોટા અવાજ માત્ર થી દાદા નીચે

પડી ગયા..

હું નીચે ઉતર્યો....દાદા નો હાથ પકડ્યો....દાદા નો હાથ ગરમ.. ગળે ને માથે હાથ મુક્યો...એ પણ એકદમ ગરમ.. દાદા તાવ થી ધ્રુજતા હતા...મને મારા બોલવા ઉપર પસ્તાવો..થયો...

મેં દાદા નો હાથ પકડી કાર માં બેસાડ્યા....દાદા આટલો તાવ હોવા છતાં..રસ્તા વચ્ચે એકલા કેમ નીકળો છો....

અત્યારે જ મારી સાથે દવાખાને ચાલો..અને તમારા પરિવાર ના કોઈ સભ્ય નો નંબર આપો..હું..તેને દવાખાને..બોલાવી લઉં...

દાદા..ભીની આંખે મારી સામે જોતા રહ્યા....

મેં કીધું..દાદા..એકલા રહો છો ?

હા.એટલું જ બોલ્યા...

પરિવાર મા કોઈ...?

કોઈ નથી ?...પત્ની હતી પણ વર્ષ પહેલાં આકાશ સામે હાથ કરી બોલ્યા...

હું..અમારા ફેમિલી  ડૉક્ટર પાસે લઈ ગયો...

ડોક્ટર મારી સાથે દાદા ને જોઈ બોલ્યા... પંડ્યા દાદા..

આરામ કરવાનું કીધુ..હતું...ફરીથી એકલા બહાર નીકળ્યા..?

મેં ડૉક્ટર સામે જોઈ કીધુ....તમે ઓળખો છો.દાદા ને ?

હા.. સારી રીતે...હું તેમનો પણ ફેમિલી ડૉક્ટર છું. આતો અમારા પંડ્યાદાદા..છે...

ડૉક્ટર..દાદા નો તાવ..માપી..કીધુ....દાદા ની ઉમ્મર પ્રમાણે...દાખલ કરવા હિતાવહ લાગે છે...

પણ તેનો પરિવાર ?

ડૉક્ટર તેની રૂમ ની અંદર મને લઈ ગયા...અને કીધુ.. દીકરો વહુ છે..પણ તેમના થી જુદા થઈ ગયા છે..દાદા ને ગાંઠિયા

બહુ ભાવે... છે...દીકરો વહુ...ગાંઠિયા લાવે નહીં....ઝાડા થશે તો કોણ સાફ કરશે..એવી દલીલો કરે....

ઘડપણ છે..જુદું..જુદું ખાવા ની ઈચ્છા પણ થાય....દાદા ને અઠવાડીયા માં બે વખત ગાંઠિયા જોવે...જ..એ પોતાની જાતે વ્યવસ્થા કરી ગાંઠિયા ખાઈ લેતા...

ત્યાં સુધી વાંધો ન હતો...

એક દિવસ..દીકરો વહુ બોલ્યા..તમારી તમામ મિલ્કતો અમારે નામે કરી દયો.....દાદા એ કીધુ..હું..મરી જાઉ પછી..મિલકત તમારી જ છે....મારા જીવતા એ નહીં બને....

દીકરો કહે કેમ ના બને ?

દાદા...કહે..તું નોકરી એ લાગ્યો..લગ્ન કર્યા....ભણાવી ને તૈયાર અમે કર્યો..અત્યારે પગાર મારા ખાતા માં જમા કરાવે છે...કે તારા ખાતા માં ?

રોકાણ કે ફિક્સ..મારા નામે લે છે..કે તારી પત્ની અને બાળકો ના નામે ? કોઈ દિવસ મારા માટે ધોતી..કે તારી માઁ માટે સાડી લાવ્યો ?...જો તું બધું તારા પરિવાર નું વિચારતો હોય..તો મારે પણ મારૂ કેમ ન વિચારવું ?

બસ....આ નાની બાબત ઉપર..દીકરા વહુ..જુદા થઈ ગયા....એક વર્ષ પહેલાં તેમના પત્ની ગુજરી ગયા..દાદા..એકલા પડી ગયા ....આમ તો હું કોઈ ના ઘરે....વિઝીટ માં નથી જતો..પણ દાદા નો ફોન આવે એટલે કામ પડતા મૂકી હું તેમની તબિયત જોવા જતો..કારણ કે તમણે મારા ઉપર વિશ્વાસ મુક્યો હતો...

ડોક્ટર દાદા સામે જોઈ બોલ્યા.. દાદા....ગાંઠિયા ખાવા બહાર નીકળ્યા હતા ? દાદા..આવા તાવમા પણ હસી

પડ્યા...

હું બાજુ માં ગયો...માથે હાથ ફેરવી કિધું પછી ગાંઠિયા ખાધા કે નહીં ?...ગાંઠિયા નો તાવ હોય તો કહો હું લઈ આપું...

દાદા....એ મારો હાથ પકડી..કીધુ..બેટા ૧૦૦ગ્રામ.....

મેં ડોક્ટર સામે જોયું....

ડોક્ટર સાહેબ...હસી ને મને હા પાડી ..એમણે દાદા ને અંદર ના રૂમ માં સુવાડી.. ઇંજેકશન આપ્યું.. અને કહ્યું....આરામ કરો..ત્યાં...સુધી મા..પ્રતિકભાઈ ગાંઠિયા લઇ આવે...

હું ઝડપ થી ગાંઠિયા લેવા ગયો...ગાંઠિયા લઈ ને હું પાછો આવ્યો...ડોક્ટર મારી રાહ જોતા હતા....હું દોડી અંદર ગયો...ડોક્ટર કહે..રેહવા દ્યો....પ્રતિકભાઈ

મેં કીધું..કેમ શુ થયું..? સાહેબ

દાદા...હવે આ દુનિયા માં નથી રહ્યા....મારા હાથ માંથી ગાંઠિયા નું પેકેટ નીચે પડી ગયું...

ફક્ત એક..કલાક ના અજણાયા સંબંધો હતા છતાં..પણ હું..મારા આંસુ ને રોકી શક્યો નહીં.....

જે માઁ બાપે પોતાની જાત સંતાનો પાછળ ઘસી નાખી હોય...એ આવી રીતે ઘડપણ મા તેમને તરછોડી કઈ રીતે જઈ શકતા હશે ?

મેં ઑફિસે ફોન કરી.કીધુ....આજે..મારા દાદા નું

શ્રાદ્ધ..છે..હું ઑફિસે નહીં આવી શકું

ડોક્ટર સાહેબ...બોલ્યા..ભાઈ પ્રતિક ....તેં એક..માનવતા નું કામ કર્યું છે.....આજે મારૂ દવાખાનું પણ દાદા ના માન મા બંધ રહેશે....

ડોક્ટર સાહેબ બોલ્યા.... પ્રતિકભાઈ...તેમનો અંતિમ સંસ્કાર કરવાનો આપણો કાયદાકીય અધિકાર નથી...

તેમના પુત્ર નો મોબાઈલ નંબર મારી પાસે..છે આપણે.

તેને જાણ કરી  દઈએ....

અગત્ય ની વાત એ છે...દાદા એ તેમના વકીલ નો નંબર ડોક્ટર સાહેબ ને આપી ને ગયા હતા...અને કીધુ હતું...મારા દેહાંત પછી...મારી અંતિમ ઈચ્છાઓ પ્રમાણે વિલ મેં બનાવ્યું છે...તે ઈચ્છા પૂરી કરવા ની જવબદારી

ડૉક્ટર સાહેબ તમારી..છે..

મારો મૃત્યુ પછી વકીલ તમને ફોન કરશે...

દાદા ના વિલ પ્રમાણે..તેમની મિલકત નો ૭૫ડ હિસ્સાની રકમ માંથી એક ગાંઠિયા અને ચા ની દુકાન ખોલવી..ત્યાં રોજ..ઘરડા અને ગરીબ વ્યક્તિ ને..મફત મા ચા અને ગાંઠિયા મળે તેવી વ્યવસ્થા કરવી....

ગાંઠિયા ની દુકાન નું નામ મારા અને મારી પત્ની નામ ઉપર થી રાખવું.....

બાકી ના ૨૫ ડ રકમ માંથી ગરીબ વ્યક્તિઓ ને તમારે દવા આપવી..

મેં કીધું...વાહ દાદા..વાહ...

આનું નામ સાચું દાન... મંદિર મસ્જિદ...કે ધાર્મિક સ્થાન કે આશ્રમો ને રૂપિયાની જરૂર નથી...જરૂર સમાજ ને છે....

આપણા મર્યા પછી...શ્રાદ્ધ કરવું હોય તો કરે ...ન કરવું હોય તો કાંઈ નહીં....જીવતા સાચવો...સ્વર્ગ માં કોઈ ટિફિન વ્યવસ્થા નથી...

મિત્રો

મરતી વખતે ગંગા જળ ની કોઈ જરૂર તેઓ ને નથી..

ઘરડી વ્યક્તિઓ ને  ભાવતી વસ્તુ તેમના જીવતા આપો..

એટલે  એ તૃપ્ત થઇ જશે..

ૐ શાંતિ

**સંકલન – મધુસુદન દેસાઈ**

# તા. ૦૯.૦૪.૨૦૨૪ થી તા. ૦૮.૦૫.૨૦૨૪
# સુધી નું પંચાગ

વિ. સં. ૨૦૮૦ — * શુભ દિવસ — શુ ભ — ચૈત્ર સુદ — લા ભ — એપ્રિલ ૨૦૨૪

સૂ.ઉ.૦૬.૨૭ — શ્રી મંગલમ્ — સૂ.અ.૧૮.૫૩

| તિથિ | વાર | તા. | નક્ષત્ર | |
|---|---|---|---|---|
| *૧ | મંગળ | ૯ | રેવતિ | ચૈત્રી નવરાત્રિ પ્રારંભ, ગુડી પડવો, અભ્યંગ સ્નાન, મંગળ અશ્વિની, અમૃતસિદ્ધિ યોગ ૭.૧૩ થી ૨૯.૦૭, બુધ વક્રી મીનમાં ૨૧.૩૨, પંચક સ. (ચંદ્ર-મેષ : ૭.૩૩) |
| ૨ | બુધ | ૧૦ | ભરણી | ચંદ્ર દર્શન, ચેતી ચાંદ |
| ૩ | ગુરૂ | ૧૧ | કૃત્તિકા | મત્સ્ય જયંતી, રમઝાન ઈદ, ગૌરી તૃતિયા, ગણગૌર, શ્રી દેવકીનંદનાચાર્ય (કામવન) ઉ. (ચંદ્ર-વૃષભ : ૮.૪૧) |
| *૪ | શુક્ર | ૧૨ | રોહિણી | વિનાયક ચતુર્થી – અંગારક યોગ |
| ૫ | શનિ | ૧૩ | મૃગ | શ્રી પંચમી, સ્કંદ ષષ્ઠી, સંક્રાંતિ પુણ્યકાળ ૧૨.૩૯ થી સૂ. અ., સતુઆનો ભોગ (ચંદ્ર-મિથુન : ૧૨.૪૪) |
| ૬ | રવિ | ૧૪ | આર્દ્રા | યમુના છઠ્ઠ, શ્રી ગુંસાઈજીના છઠ્ઠા લાલજી શ્રી યદુનાથજીનો ઉત્સવ (સં. ૧૬૧૫), ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતી |
| *૭ | સોમ | ૧૫ | પુન. | ભાનુ સપ્તમી (ચંદ્ર-કર્ક : ૨૦.૩૯) |
| ૮ | મંગળ | ૧૬ | પુષ્ય | દુર્ગાષ્ટમી, ભવાની પ્રાગટ્ય |
| ૯ | બુધ | ૧૭ | આશ્લે. | શ્રી રામ નવમી, શ્રી સ્વામિનારાયણ જયંતી, ચૈત્રી નવરાત્રિ સ. |
| ૧૦ | ગુરૂ | ૧૮ | આશ્લે. | ધર્મરાજ દશમી (ચંદ્ર-સિંહ : ૭.૫૭) |
| ૧૧ | શુક્ર | ૧૯ | મઘા | કામદા એકાદશી (લવિંગ), શ્રી વલ્લભાચાર્યજીની વધાઈનો પ્રારંભ, વ્યતિપાત મહાપાત ૧૦.૩૪ થી ૧૪.૫૭ |
| ૧૨ | શનિ | ૨૦ | પૂ. ફા. | વામન દ્વાદશી, વિષ્ણુ દમનોત્સવ (ચંદ્ર-કન્યા : ૨૦.૫૧) |
| *૧૩ | રવિ | ૨૧ | ઉ. ફા. | અનંગ ત્રયોદશી, પ્રદોષ, શ્રી મહાવીર જયંતી, બુધ પૂર્વોદય |
| ૧૪ | સોમ | ૨૨ | હસ્ત | શ્રી હાટકેશ્વર જયંતી, નૃસિંહ ડોલોત્સવ, હનુમાન જયંતી ઉપવાસ |
| ૧૫ | મંગળ | ૨૩ | ચિત્રા | વ્રત/ચૈત્રી પુનમ, હનુમાન જયંતી, બહુચરાજીનો મેળો, છ. શિવાજી પુણ્ય તિથિ (ચંદ્ર-તુલા : ૯.૧૯) |
| ૧ | બુધ | ૨૪ | સ્વાતિ | પ્રતિપદા વૃદ્ધિ તિથિ, શ્રી ભગવાન એકલિંગજી નો પાટોત્સવ |
| ૧ | ગુરૂ | ૨૫ | વિશાખા | બુધ માર્ગી ૧૮.૨૫, વિંછુડો પ્રા. (ચંદ્ર-વૃશ્ચિક : ૨૦.૦૧) |
| *૨ | શુક્ર | ૨૬ | અનુરાધા | વિંછુડો |
| ૩ | શનિ | ૨૭ | જયેષ્ઠા | સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ૨૨.૧૨, શુક્ર પૂર્વાસ્ત, સૂર્ય ભરણીમાં ૧૨.૫૮, વિંછુડો સ. (ચંદ્ર-ધન : ૨૮.૨૯) |
| *૪ | રવિ | ૨૮ | મૂળ | – |
| ૫ | સોમ | ૨૯ | પૂ. ષા. | – |
| ૬ | મંગળ | ૩૦ | ઉ. ષા. | સપ્તમી ક્ષય તિથિ (ચંદ્ર-મકર : ૧૦.૩૭) |
| *૮ | બુધ | ૧ | શ્રવણ | મે : મહારાષ્ટ્ર – ગુજરાત દિન, ગુરૂ વૃષભમાં ૧૩.૦૧ |
| ૯ | ગુરૂ | ૨ | ધનિષ્ઠા | વૈધૃતિ મહાપાત ૧૯.૨૨ થી ૨૩.૩૭, પ્લુટો વક્રી ૨૩.૧૭, પંચક પ્રા. (ચંદ્ર-કુંભ : ૧૪.૩૩) |
| *૧૦ | શુક્ર | ૩ | શત. | પંચક, મા આનંદમયી જયંતી |
| ૧૧ | શનિ | ૪ | પૂ. ભા. | વરૂથિની એકાદશી (સક્કરટેટી), પંચક, શ્રી મહાપ્રભુજી પ્રાકટ્યોત્સવ (સં.૧૫૩૫-ચંપારણ્ય) વલ્લભાબ્દ ૫૪૭ નો પ્રારંભ (ચંદ્ર-મીન : ૧૬.૩૯) |
| *૧૨ | રવિ | ૫ | ઉ. ભા. | પંચક, પ્રદોષ |
| ૧૩ | સોમ | ૬ | રેવતિ | શિવરાત્રી, પંચક સ. (ચંદ્ર-મેષ : ૧૭.૪૪) |
| ૧૪ | મંગળ | ૭ | અશ્વિની | દર્શ અમાવાસ્યા, ગુરૂ પશ્ચિમાસ્ત, મંગળ અશ્વિની, અમૃતસિદ્ધિ યોગ સૂ. ઉ. થી ૧૫.૩૪ |
| ૩૦ | બુધ | ૮ | ભરણી | રવિન્દ્રનાથ ટાગોર જયંતી (ચંદ્ર-વૃષભ : ૧૯.૦૮) |

## તમારી તમામ નાણાંકીય જરૂરીયાતોનો
## માત્ર એક છત્ર હેઠળ ઉપાય છેલ્લા ૩૫ વર્ષથી...




- રિટાયરમેન્ટ પ્લાનિંગ
- એસઆઈપી પ્લાનિંગ
- પોર્ટફોલિયો સંચાલન સેવા
- ઇક્વિટી એસઆઈપી
- માસિકઆવકનું આયોજન
- આઈ પી ઓ
- ધ્યાન આધારીત નાણાંકીય આયોજન

# ડીફકો ઈન્વેસ્ટમેંટ સર્વીસીસ

મુંબઈ : પીત્રુ છાયા, ૨૧ સ્વસ્તીક સોસાયટી, એન.એસ.રોડ નં.૨,જુહુ સ્કીમ, વિલેપાર્લા (વે), મુંબઈ-૫૬. નેવીલ ડી. દેસાઈ, મો.:૮૦૯૭૭૯૪૭૩૭

નવસારી : જી-૮/૯, રોકીસ એપાર્ટમેન્ટ, સ્ટેશન રોડ, નવસારી-૩૯૬૪૪૫ દેવાંગ દેસાઈ, મો.: ૯૭૧૨૯૨૪૫૨૫

સુરત : ૩૩૨, બેલ્જીયમ ટાવર, લાયનર બસ સ્ટેન્ડની સામે, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૩. ચંન્દ્રેશભાઈ. મો.: ૯૯૨૫૨૮૨૮૧૫

E-mail : difcoinv@gmail.com

## શુભેચ્છક

# હરક્યુલીસ પીગમેન્ટ્સ પ્રાયવેટ લીમીટેડ

**હેડ ઓફીસ**

૪૦૨, પેનીન્સુલા હાઈટ્સ, સી.ડી. બરફીવાલા માર્ગ,
અંધેરી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૮. ઈંડિયા

ફોન : +૯૧ ૨૨ ૨૬૨૪ ૮૪૨૬
ફેક્સ : +૯૧ ૨૨ ૨૬૨૪ ૯૩૯૩

**વર્ક્સ**

૩૧૬–બી, ૨ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

એ૧–૨૧૦૬, ૩ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

# બ્રિટાસેલ સીલીકોન લિ.

## તરફથી

## હાર્દિક શુભેચ્છા....

**ક્રોશેલ-૪૭૦**

**ઉત્સાહ સાથે પીછાનાં સ્પર્શનો અનુભવ કરો**

પરંપરાગત પોલીયુરેથીન આધારીત સુવાળો સોફ્નર માટે 'ક્રોશેલ-૪૭૦' એક સારી વિવિધતાવાળી ફેરબદલી. ઓછી માત્રા પર પર્યાવરણને અનુલક્ષીને એવી ઈલાસ્ટોમેટિક ફિનિશ ઉત્પન્ન.

સુધારેલા બાઉન્સ, હળવું શરીર અને ઉચ્ચ ટકાઉપણું માટે કોરા લિક્રિંગ સિલિકોન ઈલાસ્ટોમર. સુતરાઉ કાપડ અને પોલિએસ્ટર ડ્રેસ મટેરિયલ્સ માટે ખાસ યોગ્ય.



એફ-૧૮, એમ.આઇ.ડી.સી., અંધેરી (ઇસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૩.
ફોન : +૯૧ ૨૨૪૦૦૯૪૦૦૦
Email : bsl@britacelsilicones.com



# ડૉ. જાગૃતિ દેસાઈ

- ❖ એમ.એસ. (ઓપ્થાલ્મોલોજી)
  ફેલોશીપ ઇન કેટારેક્ટ સર્જરી
- ❖ મોતિયાનાં ઓપરેશન ઇન્જેક્શન
  વગર આધુનિક પદ્ધતિથી થશે.



- ❖ ઝામર, રેટિના (પડદા)ના
  નિષ્ણાત ડૉક્ટર મળશે.
- ❖ સંપૂર્ણ પરિવાર માટે આંખની તપાસ.
- ❖ વર્લ્ડ ક્લાસ ઓપરેશન થિયેટર

# ઓક્યુલસ
## આઈ હોસ્પિટલ

૧૦૧, જુહુ શીતલ, સમર્થ રામદાસ માર્ગ, કાસા બ્લાન્ડાની સામે,
ગુલમોહર ક્રોસ રોડ નં.૯/૧૦ની વચ્ચે, તિવારી સ્વીટ્સ પાસે, જે.વી.પી.ડી.

મોબાઇલ નં.
૯૮૧૯૯૮૩૧૫૮
૯૮૨૯૯૯૪૧૫૨

સમય: સવારે ૧૦ થી રાત્રે ૮ સુધી

## અનાવિલ સમાજ માટે માત્ર રૂ.૫૦૦/-

## ઓપ્ટીશીયન શોપ



- ❖ દરેક બજેટ માટે ફ્રેમ
- ❖ તમારી બે આંખો વચ્ચેનું માપ અને
  આંખનું સેન્ટર ચેક કર્યા પછી
  સાયન્ટીફીક અને ટેકનીકલી
  પરફેક્ટ ચશ્મા બનાવવામાં આવશે.
- ❖ ગોગલ્સ તમારા નંબર સાથે
- ❖ ફ્રી સર્વિસ એક વર્ષ માટે

## સૌજન્ય દાતા - જય અનાવિલ



સ્વ. રાવબહાદુર ભીમભાઇ રણછોડજી જાગીરદારના પુત્રવધુ
સ્વ. વીરમતી ચીમનલાલ નાયક (ખરવાસા) ની સ્મૃતિમાં તેમના
ભાઈશ્રી સ્વ.વિપીનચંદ્ર ર. દેસાઈ તથા તેમના પરિવારજનો તરફથી ચિખલી.

### ખાસ સૂચના

આ અંકમાં કોઇ વ્યક્તિનું નામ, અથવા અન્ય કોઇ વિગત રહી ગઇ હોય, ખોટી છપાઇ હોય તો તે પ્રત્યે ધ્યાન દોરાતા આગામી અંકમાં સુધારીને પ્રસિદ્ધ કરવામાં આવશે. જા.ખ.ની વિગત ગુજરાતીમાં મોકલવી. લગ્ન અંગેની જાહેર ખબરમાં સંપર્ક અંગેની વિગતમાં ફક્ત ૨-૩ વ્યક્તિની વિગત લખવી. - તંત્રીશ્રી

### જાહેરાતના દરો

જય અનાવિલ મુખપત્રકમાં જાહેરાતના દરો નીચે મુજબ છે.

આખુ પાનું (કલર) રૂા. ૩૦૦૦/-। આખુ પાનું (B/W) રૂા. ૨૦૦૦/-। લગ્ન વિષયક -રૂા. ૧૦૦૦/-

તંત્રી શ્રી મધુસુદન દેસાઈએ
શ્રી અનાવિલ સમાજ, મુંબઈ વતી છાપ્યું અને પ્રસિધ્ધ કર્યું.
૨૧૫, મગન મહલ, સર એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.
ફોન : ૩૫૪૧ ૮૬૮૧ / મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮ / વેબસાઈટ : www.anavilsamaj.org

પ્રિન્ટેડ એટ - અમોલ મહાડીક શીંદે (રૂપા પ્રીન્ટર્સવાળા)
૭, હકીમ કોટેજ, કુરાર વીલેજ, મલાડ (ઈ), મુંબઈ - ૪૦૦૦૯૭. મો.: ૯૨૨૧૦ ૫૦૨૯૩